ગુજરાતમિત્ર
શો ટાઈમ
ગુરુવાર ૯ એપ્રિલ, ૨૦૨૬




બોલિવૂડને કેવી રીતે મળી બ્લોકબસ્ટર 'રામ લખન'? Pg.2



નિયાને શું વધુ પસંદ છે, ગ્લેમર કે એક્ટિંગ? Pg.4

# આલિયાની સફળતાનો રાઝ...



**કરણ જોહરનો પ્રભાવ ફિલ્મ ઉદ્યોગમાં એટલો રહ્યો નથી. તેણે પણ છેલ્લા કેટલાક સમયથી નિષ્ફળતા નો સામનો કરવો પડ્યો છે. આના કારણે આલિયાની કારકિર્દી પર પણ વિપરીત અસર થઇ છે**

# પોતાની પ્રતિભા કે બીજાનો પ્રભાવ?!

ટોક ઓફ ધ ટાઉન

'સ્ટુડન્ટ ઓફ ધ યર'થી બોલીવુડ માં ડેબ્યુ કરનાર આલિયા ભટ્ટએ ઘણી ઝડપથી સફળતાના શિખરો સર કરી લીધા. પહેલી ફિલ્મ પછી આલીયા ને કપૂર એન્ડ સન્સ , બદ્રીનાથ કી દુલ્હનિયા, હાઈવે, ઉડતા પંજાબ, રાઝી, અને ગંગુબાઈ કાઠીયાવાડી જેવી ઘણી ફિલ્મો મળી અને તે સફળ પણ રહી. આ બધી ફિલ્મ માં આલિયા ની એક્ટિંગ ના ઘણા વખાણ પણ થયા. છતાં ,કેટલાક એવું માને છે કે આલિયા ને તૈયાર થાળી જમવા મળી છે એટલે તેને આટલી જલ્દી સફળતા મળી ગઈ.

હાઈવે, રાઝી, ગંગુબાઈ કાઠીયાવાડી અને જીગરા જેવી ફિલ્મ માં આલિયા એ પોતાની પ્રતિભા બતાવી સાબિત કરી આપ્યુ છે કે તે ભલે સ્ટાર કીડ હોય પરંતુ તેનામાં એટલી પ્રતિભા તો છે જ કે તે પોતાના ખભા પર આખી ફિલ્મ લઈ શકે અને તેને સફળ પણ કરી શકે. છતાં, કેટલાક લોકોનું એવું માનવું છે કે આલિયાને સ્ટાર કીડ હોવાનો ઘણો ફાયદો મળ્યો છે. તેમાય ખાસ કરીને કરણ જોહર તરફથી તેને ઘણો સપોર્ટ મળ્યો છે. આ વાત તો બધા જાણે જ છે કે આલિયા એ પોતાની કારકિર્દીની શરૂઆત કરણ જોહરની ફિલ્મ સ્ટુડન્ટ ઓફ ધ યર થી કરી હતી અને ત્યારથી જ કરણ તેને ઈન્ડસ્ટરીમાં ફિલ્મ્સ અપાવવા માટે બને તેટલી મદદ કરતો આવ્યો છે . જેમકે, ડીયર ઝીંદગી ફિલ્મ માં ડીરેક્ટર ગૌરી શિંદેની પહેલી પસંદ કેટરીના કેફ હતી પરંતુ કરણ જોહર ના આગ્રહને કારણે કેટરીના ને બદલે આલિયાને લેવામાં આવી. તેવી જ રીતે ઉડતા પંજાબમાં પણ પરિણીતી ચોપરાને પહેલા ફાઈનલ કરવામાં આવી હતી. તે સમયે પરિણીતી અને આલિયા બંને એ કારકિર્દીની સાથે શરૂઆત કરી હતી અને બંને વચ્ચે એક રીતે સ્પર્ધા ચાલી રહી હતી. ઉડતા પંજાબ માટે પણ આલિયા અને કરણ એ પોતાની લાગવગ લગાવીને પરિણીતી પાસે થી તે ફિલ્મ આચકી લીધી અને તે આલિયા ને મળી ગઈ.ફિલ્મ કલંક માટે પણ તેણે ડીરેક્ટર અભિષેક શર્મા ને સામેથી ફોન કરીને ફિલ્મનો હિસ્સો બનવાની વાત કરી, એક રીતે તેને ઈમોશનલ બ્લેકમેલ કરીને ફિલ્મ મેળવી લીધી. હાઈવે માં પણ ઈમ્તિયાઝ અલી રણદીપ હુડ્ડા ની સામે સુટ કરે તેવી ૩૦ વર્ષીય એક્ટ્રેસ ને કાસ્ટ કરવા માંગતા હતા પરંતુ કરણ ના આગ્રહને કારણે તેમણે આલિયા ને કાસ્ટ કરી.

પરંતુ, હવે આલિયા માટે પરિસ્થિતિ થોડી વિપરીત થઈ છે. કરણ જોહરનો પ્રભાવ ફિલ્મ ઉદ્યોગમાં એટલો રહ્યો નથી. તેણે પણ છેલ્લા કેટલાક સમયથી નિષ્ફળતા નો સામનો કરવો પડ્યો છે. આના કારણે આલિયાની કારકિર્દી પર પણ વિપરીત અસર થઈ છે. આલિયાની કરણ ના નામની લાગવગ હવે એટલો પ્રભાવ પાડતી નથી . આમ પણ છેલ્લા બે વર્ષથી આલિયાએ કઈ ખાસ ફિલ્મો કરી નથી. આની પાછળનું કારણ આ પણ હોય શકે કે હવે કરણ ની ઈન્ડસ્ટરી પરની પકડ ઓછી થઈ છે અને એટલે આલીયા ને ફિલ્મ મેળવવામાં જે કરણ નો સપોર્ટ મળી જતો હતો તે હવે એટલો મળી શકતો નથી.

આમ, આલિયા ભલે આ વાત નકારતી હોય પરંતુ, વાસ્તવમાં તેને કરણ જોહર તરફથી શરૂઆથી જ ઘણો સપોર્ટ મળ્યો છે . ચોક્કસ આલીયામાં પ્રતીભા તો છે પરંતુ,ફક્ત પ્રતિભાના દમ પર ફિલ્મ ઉદ્યોગમાં સફળ થવું ઘણું મુશ્કેલ છે એમ આના પરથી લાગે છે. એવું નથી કે આલિયા સિવાય બીજી કોઈ એક્ટ્રેસ માં આટલી પ્રતિભા નથી એટલે તેમને સફળતા મળી નથી. પરંતુ, આઉટ સાઈડર હોવાને કારણે કે પછી મોટા પાવર હાઉસની લાગવગ ન હોવાને કારણે તેમને સફળતા મેળવવામાં ઘણી મુશ્કેલી પડે છે. મોટાભાગના એક્ટર્સ કે એક્ટ્રેસ ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશતાની સાથે જ કોઈ મોટા કેમ્પ માં જોડાઈ જાય છે કે પછી કોઈ મોટા સ્ટાર નો સપોર્ટ લે છે. આમ કરવાથી તેમને ફિલ્મ્સ મળવામાં સરળતા રહે છે અને અને તેમાં તેઓ ટકી શકે છે. ઈન્ડસ્ટરી માં સ્ટાર કીડ હોવાનો ફાયદો ફિલ્મ્સ મેળવવા પૂરો નથી રહેતો. ઘણી વાર એવોર્ડ મેળવવામાં પણ તેનો ફાયદો થાય છે. જેમકે, આલિયા ને સતત ત્રણ વર્ષથી બેસ્ટ એક્ટ્રેસ નો એવોર્ડ મળતો આવ્યો છે. ૨૦૨૩ માં ગંગુબાઈ કાઠીયાવાડી માટે, ૨૦૨૪ માં રોકી ઔર રાની કી પ્રેમ કહાની માટે અને ૨૦૨૫ માં જીગરા માટે આપવામાં આવ્યો હતો. સુત્રોના જણાવ્યા પ્રમાણે , આલિયા સાથે નોમીનેટ થયેલી અન્ય એક્ટ્રેસ કે જેમનું કામ ક્રીટીક્સો એ પણ વખાણ્યું હતું તેમને એમ કહીને એવોર્ડ નહોતો આપ્યો કે તેમની ફિલ્મ બોક્સ ઓફીસ પર ચાલી ન હતી . આ બાબત ધ્યાન માં રાખીએ તો આલિયાની જીગરા પણ બોક્સ ઓફીસ ફ્લોપ રહી હતી તેમ છતાં તેને આ ફિલ્મ માટે બેસ્ટ એક્ટ્રેસ નો એવોર્ડ મળ્યો હતો. આ બતાવે છે કે આલિયા ને ફિલ્મ ઉદ્યોગ માંથી તેની કારકિર્દી બનાવવામાં અને એવોર્ડ મેળવવામાં ઘણો સપોર્ટ મળી રહ્યો છે .


હવે જયારે કરણ જોહરનો પ્રભાવ પણ ઈન્ડસ્ટરીમાં ઓછો થયો છે અને સાથે સાથે આલિયા ની કારકિર્દીની ગાડી પણ ધીમી પડી છે તો જોવાનું રહે કે અન્ય આઉટ સાઈડર્સ ની જેમ કોઈ પણ જાતના સપોર્ટ વગર આલિયા ફક્ત પોતાની પ્રતિભાના જોરે કેવી રીતે ફિલ્મ ઉદ્યોગ માં ટકી રહે છે. •

# એકતાના મને વાર્તા કોને કહેવાય?

એકતા કપૂરે તેની વાર્તાઓ સફળ થવા પાછળ રહેલી મૂળ વાત હવે જણાવે છે. તે કહે છે કે તેની વાર્તામાં અસાધારણ વાતો નથી હોતી, બલ્કે સાધારણ સ્ત્રીઓના સંઘર્ષની કહાની હોય છે. તેમના રોજીંદા સંઘર્ષથી આકાર પામેલા પાત્રો તેને ગમે છે. તેના શો મહિલાઓને સશક્ત બનાવે છે.

એકતા કહે છે કે લોકો સ્ત્રીઓને સાડીમાં જુએ, રડતાં જુએ એટલે માની કે છે કે તે વાર્તા નબળી છે. પરંતુ અમે જે સ્ત્રી પાત્રો દર્શાવીએ છીએ તેમાં તેઓ વાસ્તવિક જીવનના સંઘર્ષમાંથી પસાર થતી હોય છે. તેમને દરરોજ પરિવારજનોના મેંણા ટોણા સંભાળવા પડે છે. નવા ઘરમાં પોતાનું સ્થાન જાતે બનાવવાનો તેમનો સંઘર્ષ વાસ્તવિક હોય છે. એકતા કપૂરના મતે સફળતાનો અર્થ પ્રોફેશનલ સકસેસ કે દેખીતી સફળતા સુધી સીમિત નથી. ઓછામાં ઓછી તક સાથે એક સ્ત્રી પોતાનું સ્થાન કે પોતાની કારકિર્દી જાતે બનાવે છે તેવા પાત્રોમાં તેને રસ પડે છે. "એક મોટી કંપની ચલાવવી એ જ કઈ હિંમતનું કામ નથી. હિંમત તો એને કહેવાય કે જિંદગીએ તમને જે થોડું ઘણું આપ્યું છે તેમાંથી તમે ક્યાં સુધી પહોંચો છો તે છે. તેને એવા પાત્રો વધારે રસપ્રદ લાગે છે જેમની સાથે અન્યાય થયો હોય કે નસીબથી તેમને ઓછી તક મળી હોય અને છતાં તેઓ જીંદગીમાં આગળ વધતા રહે છે. " મને એવી વાર્તાઓ પસંદ છે કે જેમાં કોઈ સ્ત્રીને યોગ્ય તક મળી ન હોય, કે તેનું બાળપણ સારું વીત્યું ન હોય, તેવી પરિસ્થિતિમાંથી તે પોતાને કેવી રીતે આગળ લઈ જાય છે તે રસપ્રદ હોય છે. પહેલાથી જ જેને સારી પોઝીશન કે પૈસા મળી ગયા હોય તેવા પાત્ર ની વાર્તા કહેવામાં મને રસ પડતો નથી. જે સ્ત્રીઓને કશું જ મળ્યું નથી તે આવી કપરી પરિસ્થિતિ માં પણ સફળતા મેળવે તેને ખરી વાર્તા કહેવાય. " આ સંભાળીને, આપણને ખરેખર લાગે કે તેની વાર્તાઓ નો વિષય આવા સંઘર્ષો પર આધારિત હોય છે . તે સ્ત્રીઓના ભાવનાત્મક વિશ્વને અને વાસ્તવિક સંઘર્ષ ને પ્રતિબિંબિત કરે છે. •





# એક્ટર સિવાય પણ અક્ષયનું અલગ વ્યક્તિત્વ છે

બોલિવ્લોગ વિથ પૅપ

અક્ષય કુમાર ફરી એક વાર હેડલાઈન્સમાં આવ્યો છે પરંતુ, આ વખતે ફિલ્મ રીલીઝનું કારણ નથી. સોની એન્ટરટેઈનમેન્ટ ટેલીવિઝન પર શો વ્હીલ ઓફ ફોર્ચ્યુનના તાજેતરના એપિસોડ દરમિયાન એક સ્પર્ધકે અભિનેતાના ઓછા જાણીતા એવા વ્યક્તિત્વ વિષે અને તેના પરોપકારી સ્વભાવ વિષે જણાવ્યું અને લોકોને તે જાણીને સુખદ આશ્ચર્ય થયું.

સ્પર્ધક એ જણાવ્યું કે તે માર્શલ આર્ટસ સાથે જોડાયેલો છે અને અક્ષય કુમાર વિષે કહ્યું કે તે અભિનેતા માર્શલ આર્ટસમાં જેમને આગળ વધવું હોય તેવા વિદ્યાર્થીઓને તેઓ સપોર્ટ કરે છે. તેણે અક્ષય વિષે કહ્યું કે, "સર હું તમારો વર્ષો જુનો વિદ્યાર્થી છું. હું કહેવા માંગુ છું કે અક્ષય સર લાયક વિદ્યાર્થીઓને પસંદ કરે છે અને પોતાના ખર્ચે તેમને તાલીમ માટે થાઈલેન્ડ મોકલે છે. તેઓ આંતરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે નાણાકીય સહાય પણ પૂરી પડે છે". તેણે માર્શલ આર્ટસ તેમાય ખાસ કરીને કુડોમાં અક્ષયના યોગદાન બદલ અભિનેતાનો આભાર માન્યો અને જણાવ્યું કે તેમની પહેલને કારણે જેમની પાસે આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચવા માટે પૂરતા પૈસા નથી, તેવી પ્રતિભાઓને આગળ આવવામાં મદદ મળે છે. તેને શિસ્ત અને શીખવા માટે પ્રેરણાદાયક સંદેશ ઉમેરતા કહ્યું કે,"હું ફક્ત એટલું જ કહેવા માંગું છું કે સ્વ શિસ્ત દરેક વ્યક્તિએ અનુસરવું જોઈએ. માર્શલ આર્ટસ શીખવા માટે કોઈ વય મર્યાદા હોતી નથી". પોતાની શિસ્તબદ્ધ જીવનશૈલી, ફિટનેસ અને માર્શલ આર્ટસ માટે જાણીતા અક્ષય કુમાર યુવાનોને શારીરિક તાલીમ અને સ્વ સુધારણા માટે ઘણીવાર પ્રેરણા આપે છે.

અક્ષય કુમારે પોતે ભાગ્યે જ આના વિષે જાહેરમાં વાત કરી છે. તેમના વિષે જણવા મળેલી આ વાત સમાજ પાસે થી મેળવીને સમાજને તેનું વળતર આપવા જેવું લાગે છે. તેના વિષે જાણવા મળેલી આ વાત પર થી ખ્યાલ આવે છે કે અક્ષય કુમાર ફક્ત એક સુપર સ્ટાર જ નથી પરંતુ એક એવું સશક્ત વ્યક્તિત્વ છે જે આવનારી પીઢી ને સપોર્ટ કરે છે અને તેમને પણ સશક્ત બનવા માટે પ્રતિબદ્ધ કરે છે અને તેમને પ્રેરણા આપે છે. •

# કિયારા બની વાઘણ

માતૃત્વ જીવનમાં ૩૬૦ ડીગ્રી નું પરિવર્તન લાવે છે. અને જયારે કોઈ અભિનેત્રી માતા બને છે ત્યારે તેના ચાહકો નો તેની તરફનો દ્રષ્ટિકોણ બદલાઈ જાય છે. તેમને ઘણીવાર પૂછવામાં આવે છે કે શું તેઓ કામ કરવાનું ચાલુ રાખશે કે આ માતૃત્વના તબક્કાનોઆનંદ લેવા માટે રજા લેશે અથવા વજન ઘટાડવા માટે તેણે શું કર્યું કે શું ન કર્યું? કિયારા અડવાણી પણ આ બાબતમાં અપવાદ નથી. જયારે તેને પહેલીવાર મે ગાલા ૨૦૨૫ માં સગર્ભા જોઈ હતી ત્યારે તેની સુંદરતા જોઈ દુનિયા પાગલ થઇ ગઈ હતી.જુલાઈ ૨૦૨૫ માં તેની દીકરી સારાયા નો જન્મ થયો અને ત્યારથી તે તેની દુનિયાનું કેન્દ્ર બની ગઈ છે. એક દાયકા થી વધુ સમય તેના અભિનય ની કારકિર્દીને થયો અને માતૃત્વ ને કારણે તેના જીવનમાં ઘણા મોટા પરિવર્તનો આવી ગયા. એક માતા પોતાના બાળક માટે કેટલી પ્રોટેકટીવ બની જાય છે તેવી લાગણી તેને પણ થાય છે અને તે કહે છે કે," હું હવે વાઘણ જેવી બની ગઈ છું." તાજેતરમાં, આલિયા ભટ્ટ અને પ્રિયંકા ચોપરા કે જેઓ પણ પહેલીવાર માતા બન્યા ત્યારે તેમણે પણ આવી જ લાગણીનો અનુભવ કર્યો હતો. તે વધુ માં કહે છે કે," હવે હું જીવનને સંપૂર્ણ અલગ દ્રષ્ટિકોણથી જોઉં છું. એવું લાગે છે કે બીજું કોઈ મહત્વનું નથી અને તે જ સમયે એમ પણ લાગે છે કે બધું જ મહત્વનું છે." માતા પિતા બનવાથી ઘણા યુગલોના પરસ્પરના સમીકરણો સારા થાય છે. સ્વતંત્રતાનો અનુભવ કરતી કિયારા કહે છે કે," લગ્ન પછી પોતાનું ઘર ચલાવવાની કે સાથે મળીને આપણી નવી દુનિયા બન્નાવવાની સંપૂર્ણ જવાબદારી આપણી પોતાની જ હોય છે. ચોક્કસ પરિવર્તન આવે છે પરંતુ તેનો એટલો બધો એહસાસ થતો નથી. બાકી બધું એનું એ જ છે. "

સિદ્ધાર્થ સાથેના તેના સંબંધ વિષે વધુ માં જણાવતા તે કહે છે કે," લગ્ન પહેલા હું અને સિદ્ધાર્થ એક જ પ્રકારની મજાક કરતા હતા, સાથે મુસાફરી કરતા હતા અને તે બધું હજી પણ છે. અમે સાથે ફિલ્મો પણ જોઈએ છીએ કારણકે અમે બંને સિનેમાપ્રેમી છીએ અને એક દર્શક તરીકે અથવા એક અભિનેતા તરીકે ફિલ્મ જોઇને તેના વિષે ચર્ચા કરવાની અમને ગમે છે. "

કિયારા હવે તેની આગામી ફિલ્મ 'ટોક્સિકઃઅ ફેરીટેલ ફોર ગ્રોન અપ્સ " માં જોવા મળશે જે ૪ જુન, ૨૦૨૬ ના રોજ રીલીઝ થવાની છે. •

